શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

# પ્રોજેક્ટ-પ્રવૃત્તિ બુક

## ધોરણ 3




વિદ્યાર્થીનું નામ ____________________ રોલ નંબર ______

શાળાનું નામ ____________________ વર્ગ ______

# મારા વિશે વધુ જાણો...

માતાનું નામઃ ______________________

પિતાનું નામઃ ______________________

શાળામાં અભ્યાસ કરતાં ભાઈ/બહેનનાં નામ અને ધોરણઃ

______________________

______________________

______________________

મારી જન્મ તારીખ : ______________________

બેંક ખાતા નંબર : ______________________

બેંકનું નામ : ______________ IFSC કોડ ______________

વજન : ______________ ઊંચાઈ : ______________

બ્લડ ગ્રૂપ : ______________ BMI : ______________

મારો શોખ : ______________________

મારો પ્રિય રંગ : ______________________

મારી પ્રિય રમત : ______________ રાષ્ટ્રીય રમત : ______________

મારું પ્રિય પક્ષી : ______________ રાષ્ટ્રીય પક્ષી : ______________

મારું પ્રિય પ્રાણી : ______________ રાષ્ટ્રીય પ્રાણી : ______________

મારું પ્રવાસનું પ્રિય સ્થળ : ______________________

મારા પિતાનો વ્યવસાય : ______________________

મારી માતાનો વ્યવસાય : ______________________

મારા મિત્રોનાં નામ : ______________________

______________________

______________________

વાલીની સહી　　　　　　　　　　શિક્ષકની સહી

*(વિદ્યાર્થીએ વાલી તથા શિક્ષકની મદદથી નોંધ કરવી.)

## પ્રેરણા

**ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા

## માર્ગદર્શન

**પ્રકાશ ત્રિવેદી**
નિયામક, જી.સી.ઈ.આર.ટી.
ગાંધીનગર

**ડૉ. એમ. એમ. પટેલ (GAS)**
એ.એસ.પી.ડી., સમગ્ર શિક્ષા
ગાંધીનગર

**એસ. જે. ડુમરાળિયા**
સચિવ, જી.સી.ઈ.આર.ટી.
ગાંધીનગર

**મહેશ મહેતા**
સચિવ, સમગ્ર શિક્ષા
ગાંધીનગર

## સંકલન

ધર્મેશ રામાનુજ
ડૉ. ભાર્ગવ ઠક્કર
અનિલકુમાર ઉપાધ્યાય
અતુલભાઈ પંચાલ
સુચિતકુમાર પ્રજાપતિ
સંજયભાઈ ચૌધરી
રીઝવાનાબેન મિરઝા
હેમલબેન પંડ્યા
નિરવ મિસ્ત્રી

## લેખક-સંપાદન

અંકુરભાઈ દેસાઈ
કંદર્પભાઈ જોશી
બ્રિજેશભાઈ પાંચાણી
ખોડીદાસ મોહનભાઈ શિયાળ
પુનમબેન જોષી
બાબુભાઈ પટેલ
દિપકભાઈ રાજ્યગુરુ
આશિષ રામાણી
અર્ચનાબેન દવે
રૂપલ સુનિલભાઈ ધ્રુવા
મીરાબેન ડોડીયા
અંકલેશ ચંદુલાલ કોરડે
કૃપાબેન આર. નાકર
નરેશભાઈ કે. કુંભાર
અનામિકાબેન ત્રિવેદી
હિમાંશુ મહેતા
નિલમબેન પટેલ
સંજયભાઈ બી. વાળોદરા

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુક આમુખ

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 અનુસાર બાળકની શીખવાની પ્રક્રિયા માત્ર વર્ગોમાં જ થાય તેવું નથી, આસપાસના પર્યાવરણ, મિત્રો, સગાંવહાલાં, ઘર, પડોશ અને અન્ય સ્રોતમાંથી પણ શીખવાનું બનતું હોય છે. બાળકોની શીખવાની શરૂઆત પ્રશ્નો જિજ્ઞાસા અને કુતૂહલતાથી થતી હોય છે. બાળકો પોતાના મનમાં ઉદ્ભવતી  સમસ્યાઓનું સમાધાન આસપાસના પર્યાવરણમાંથી જાતે કરતાં હોય છે. એટલે તેઓ રમતાં-રમતાં, ગીતો ગાતાં, ચિત્રો દોરતાં, તોફાન મસ્તી કરતાં પણ સતત શીખવાની દિશામાં જ કામ કરી રહ્યાં હોય છે. આ બધી સમસ્યા ઉકેલની બાબતો તરફ બાળકો જતાં હોય ત્યારે તેમની જાણ બહાર પણ ચોક્કસ એક સોપાનની પ્રક્રિયામાંથી પસાર થતાં હોય છે.

આવી જ બાબતને ધ્યાને લઈ રાજ્યની શાળામાં અભ્યાસ કરતાં બાળકોમાં પોતાના શીખવાના ભાગરૂપ અભ્યાસક્રમની અગત્યની બાબતો, તેના સાથે સંકળાયેલા વિશેષ જ્ઞાન અને સ્થાનિકતાને ધ્યાને લઈ આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુકનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુકથી બાળકોમાં શીખવાની નવી નવી બાબતોમાં જિજ્ઞાસાનું નિર્માણ, પ્રૉજેક્ટ બાદ શીખેલી બાબતોથી જ્ઞાનમાં વધારો, શીખેલી બાબતોથી જે જ્ઞાન મળ્યું હશે તેનાથી આજીવન કશુંક બોધરૂપ પ્રાપ્ત થવાથી ક્રિયામાં પરિવર્તન, શીખવાનાં વિવિધ રસ્તાઓની ઓળખ થવાથી કૌશલ્ય વિકાસ તથા સશક્તિકરણ નિર્માણ અને શીખવા માટે અન્યની મદદ કે સહભાગીતા મેળવવાનો પ્રયાસ કરી ટીમવર્ક તરફ જઈ શકશે.

વર્ગશિક્ષણમાં પ્રાપ્ત કરેલ જ્ઞાનની સીમાઓ આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુકના માધ્યમથી વિસ્તરીને સ્વપ્રયત્ને તેમજ સહપાઠી શિક્ષણ અને શિક્ષકશ્રીના માર્ગદર્શનથી જ્ઞાન પ્રાપ્તિની દિશામાં પગરણ માંડશે. પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુકમાં ચાર પ્રકારનાં સ્વરૂપોને સમાવવાનો પ્રયાસ કરેલો છે. અભ્યાસક્રમ સંબંધી અધ્યયન નિષ્પત્તિ આધારિત, વિશેષ સંદર્ભ આધારિત, સ્થાનિક બાબતો આધારિત અને મુક્ત કે સ્વતંત્ર અભિગમ આધારિત. આ ચાર પ્રકારના પ્રૉજેક્ટ-પ્રવૃત્તિના આયામોથી શિક્ષક અને બાળકોની શીખવા-શીખવવાની વર્ગપ્રક્રિયા વધુ બળવત્તર બનશે તે અપેક્ષા છે. આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુકનાં વિષયો અને ક્ષેત્રો બાળકોના પાઠ્યપુસ્તકો સાથે અનુબંધિત છે પરંતુ તે કરવા માટેનો ભાર બાળકો પર ન આવે તેની કાળજી શિક્ષક પક્ષે લેવાની

છે. પ્રોજેક્ટ-પ્રવૃત્તિ કાર્ય દરમ્યાન બાળકો શિક્ષક, શાળાનાં સંસાધનો, મિત્રો, વાલી, પોતાના સ્થાનિક સ્રોત અને અન્ય સહયોગીઓની મદદ લે માટેનું માર્ગદર્શન પણ આપવું જોઈએ. આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કાર્યમાં ઘર પરિવાર પણ એટલો જ રસ દાખવે તે પણ ઇચ્છનીય છે.

જાતે શીખવાની પ્રક્રિયામાં સહભાગી આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુકનો અભિગમ રાજ્યની શાળાઓમાં પ્રથમવાર મૂકી રહ્યા હોઈ આપના તરફથી અનુભવોના આધારે સૂચનો કે પ્રતિભાવો પ્રાપ્ત થશે તે પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ બુકને વધુ ઉત્તમ બનાવવા માટે મદદરૂપ બનશે. રાજ્યના શિક્ષણની ગુણવત્તા અને બાળકોની Self learning અંગે વધુ અસરકારક બનવા માટે આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુક નિમિત્ત બને તે માટે શુભકામનાઓ.

**ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)**
**સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર**
**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**
**ગુજરાત રાજ્ય**

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ બુક શિક્ષક-વાલી માટે સંદેશ...

પ્રિય શિક્ષક ભાઈ બહેનો અને વાલીઓ

નમસ્કાર.

શિક્ષણ એ જ્ઞાન, કૌશલ્ય, માન્યતાઓ અને જીવનઘડતર માટેની સંપાદનની પ્રક્રિયા છે. બાળકની શિક્ષણ મેળવવાની શરૂઆત પોતાના પરિવારમાંથી થાય છે. પછી બાળક પોતાના આસપાસના વાતાવરણ અને શાળામાંથી શીખવાના અનુભવો એકત્રિત કરી જાતે શીખવાનો પ્રયાસ કરે છે. જાતે શીખવાની પ્રક્રિયા બાળકને અવલોકન, સમજવા અને અનુભૂતિ કરવાનું, શિષ્ટતાથી કાર્ય કરવાનું, સર્જનાત્મક બનવાનું શીખવે છે. બાળકોમાં રહેલી સર્જનાત્મકતાને પોષવા માટે, ખીલવવા માટે રાજ્યની શાળાઓમાં અભ્યાસ કરી રહેલા બાળકો માટે આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિપોથી બુકનું નિર્માણ કરવામાં આવ્યું છે.

સામાન્ય રીતે શીખેલી બાબતોને માત્ર સાંભળેલ હોય તો આગળ જતાં ભૂલી જવાનો ડર રહે છે, જોવાથી લાંબો સમય યાદ રહે છે પરંતુ જો જાતે કરેલ હોય તો જીવનપર્યંત યાદ રહે છે. પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ બુકનો મુખ્ય હાર્દ એ જ છે કે બાળકો શીખવાની પ્રક્રિયા જાતે કરે અને આજીવન પોતાના જ્ઞાનમાં વધારો કરે. અહીં અભ્યાસક્રમ અનુબંધિત અધ્યયન નિષ્પત્તિઓના, જે તે ધોરણ, વિષય અને વયની રુચિ અને જરૂરિયાત મુજબના, સ્થાનિકતાને સમાવતા અને મુક્ત કે સ્વતંત્ર પ્રકારના પ્રૉજેક્ટ આપીને બાળકોને જાતે શીખવાની બહુ મોટી તક ઊભી કરી રહ્યા છીએ.

આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ બુક વર્ગ શિક્ષણ સાથે સમયાંતરે સતત ચાલતી પ્રક્રિયા રહેશે. પ્રારંભિક શિક્ષણનાં પ્રથમ ડગલાંથી બાળકો જાતે પ્રાયોગિક ક્રિયા કરી શીખવાનો પ્રારંભ કરે તે આશયથી નિર્માણ થયેલી આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુકના ઉપયોગ પહેલાં અહીં આપેલ કેટલીક બાબતો આપણે સમજવી જરૂરી છે.

- અહીં આપેલ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિમાં વિવિધ પ્રકારે પ્રૉજેક્ટ્સ-પ્રવૃત્તિ આપવાનો પ્રયાસ કર્યો છે. અવલોકન, સર્વેક્ષણ, વાંચન, મુલાકાત, પ્રવૃત્તિલક્ષી, અનુભવયુક્ત અને રિસોર્સ આધારિત પ્રૉજેક્ટનો સમાવેશ થયેલો છે. કેટલીક પ્રવૃત્તિઓ કરીને તેનો અનુભવ માત્ર લખવાનો છે જ્યારે કેટલીક પ્રવૃત્તિઓ કરી તેની આધારભૂત માહિતી લખવાની, દોરવાની કે ચિત્ર દ્વારા ચિપકાવવાની પણ છે.

- આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુક વર્ગશિક્ષણને વધુ બળવત્તર બનાવવા માટે છે, નહિ કે વધારાના અભ્યાસની સામગ્રી. એટલે બાળકોમાં આ બુકનો ઉપયોગ વધુ રસપૂર્વક પરંતુ ભાર વિહીન રીતે થાય તેની કાળજી લઈશું. ટૂંકમાં વર્ગશિક્ષણને સહાયક છે તેવું થવું જોઈએ.
- અહીં આપેલા પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ પૈકી શરૂઆતનાં અભ્યાસક્રમ આધારિત અને અધ્યયન નિષ્પત્તિ અનુબંધિત હશે. જેથી આ પ્રકારનાં પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કર્યા બાદ બાળકોને એ સમજ સતત આપવી જરૂરી છે કે તેઓ જે માહિતી એકત્રિત કરી રહ્યા છે તે પણ ભણવાનો જ ભાગ છે. ભવિષ્યમાં તેઓના વિકાસ સંદર્ભે ઉપકારક રહેશે તે પણ જણાવવું રહ્યું.
- આ બુકના પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કરવા માટે બાળકોને ઓછામાં ઓછું એક સપ્તાહ અને વધુમાં વધુ એકાદ માસ જેટલો સમય આપવો જરૂરી છે. કેટલીક સંકલનની પ્રવૃત્તિઓ પૂરા વર્ષ દરમ્યાન ચાલે તેવા પ્રકારની પણ આપવાનો પ્રયાસ કરાયો છે.
- આપેલા પ્રૉજેક્ટ-પ્રવૃત્તિનાં શીર્ષક સાથે તેમાં શું કરવાનું છે તેની પ્રારંભિક માહિતી આપવામાં આવેલી છે જેનાથી શિક્ષકોને માર્ગદર્શનમાં અને બાળકોને પ્રવૃત્તિ માટેની દિશા મળી રહે.
- જે તે પ્રૉજેક્ટ-પ્રવૃત્તિમાં બાળકોએ શું કરવાનું છે તે શિક્ષક દ્વારા સ્પષ્ટતા કરવાની છે પરંતુ કઈ રીતે? ક્યાંથી? કેવી રીતે કરવાનું છે? તે બાળકો દ્વારા કરવામાં આવે તે મહત્ત્વનું છે. આ સ્વતંત્રતા જ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ બુકનો હાર્દ છે કે દરેકે જાતે શીખવા માટે મથામણ કરવાની છે અને માહિતીના આધારે અનુભવ સાથે ચોક્કસ તારણ પર જવાનું છે.
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ બુકમાં આપેલા સોપાનો માત્ર સૂચક છે કે બાળકોએ કઈ રીતે આગળ વધવું. પરંતુ કોઈને પોતાની રીતે પણ માહિતી મેળવવી કે પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કાર્ય કરવું હોય તેની પણ સ્વતંત્રતા અપાયેલ છે.
- કેટલાંક પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ દરમ્યાન બાળકો મૉડેલ, રમકડું, સાધન-સામગ્રી નિર્માણ કરશે. આ બધી અલગથી નિર્માણ થતી બાબતોનું નિદર્શન અને પ્રદર્શન પણ થાય તેની કાળજી લેવાની રહેશે.
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુકમાં માહિતી સાથે આપેલ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ સિવાય શિક્ષકે પોતાના વર્ગના બાળકોની રૂચિ, વય, વિષય, ક્ષમતા, સ્થાનિકતા અને અન્ય બાબતોને ધ્યાને લઈ કરવા માટેના પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ માટે પણ સ્વતંત્ર પ્રૉજેક્ટ-પ્રવૃત્તિની જગ્યા આપવામાં આવેલ છે.

- આપેલા દરેક પ્રૉજેક્ટ્સ-પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ શીખવા માટે જાતે જ ઉત્તમ અવલોકન, પરીક્ષણ, પૃથક્કરણ અને નિરીક્ષણ કરે તે માટેની સમૂહમાં સૂચના અને દૃષ્ટાંતો પુરા પાડવા.
- આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ સહેલાઈથી માહિતી શોધી લાવે કે સમાન માહિતી એકત્રિત કરે તો પ્રૉજેક્ટ-પ્રવૃત્તિની ગરિમા રહેતી નથી અને વિદ્યાર્થીઓની રૂચિ પણ ઓછી થઈ જાય છે તેથી દરેક પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કંઈક નવીન બાબત શીખવે છે તેવો હેતુ વિદ્યાર્થીઓને સમજાવવો જરૂરી છે.
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુકમાં અનુભવ સાથે માહિતી એકત્ર કરવા માટે  કેટલાક મૂળભૂત સોપાનો આપેલા છે જેથી વિદ્યાર્થીઓને ક્રમશઃ કઈ રીતે આગળ વધવું તેનું માર્ગદર્શન મળી રહે. આ સોપાનો દ્વારા વિદ્યાર્થીઓ જાતે શોધખોળ કરીને મૂળભૂત જ્ઞાનના આયામો સુધી પહોંચી શકે તેવો પ્રયાસ કરાયો છે.
- શિક્ષક દ્વારા વિદ્યાર્થીના પ્રૉજેક્ટનું કાર્ય પૂર્ણ થયા બાદ વર્ગમાં દરેકને પોતાના પ્રૉજેક્ટની માહિતી આપવા માટે પૂરતો સમય આપવો જરૂરી છે, જેથી દરેકની વાતમાં કોઈ અલગ બાબત હોય તે નવાચારની જાણ થાય.
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ દરમિયાન માતાપિતા, શાળા-વર્ગ પુસ્તકાલય, સોશીયલ મીડિયા, મોબાઈલ-ઇન્ટરનેટ જેવી બાબતો મુખ્ય ભૂમિકા ભજવતા હોવાથી તેની મદદ માટે પૂરતું માર્ગદર્શન પૂરું પાડવું.
- કેટલાંક પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓને ગામના સ્થાનિક કારખાના, સંસ્થા, દુકાન, સ્થળોની મુલાકાત લેવાનું બનશે જેથી શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને મુલાકાત દરમ્યાન ધ્યાનમાં રાખવાની બાબતો અને નિયમો કે સૂચનાઓની સમજ આપવામાં આવે તે જરૂરી છે.
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ દરમિયાન નિર્માણ થયેલ મૉડેલ્સ કે સાધન-સામગ્રી વર્ગ અને શાળાના પરિસરમાં દરેકને જોવા મળે તેવું આયોજન કરવું જોઈએ.
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિના કાર્ય બદલ વિદ્યાર્થીઓને વધુમાં વધુ પ્રોત્સાહન મળી રહે તે માટે વિશેષ પ્રયાસો થવા જરૂરી.
- અગાઉ કહ્યું તેમ આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ભણવાના ભાગરૂપ છે પરંતુ તેનો ભાર ન દેખાય તે રીતે પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કરાવવી વિદ્યાર્થીઓમાં રસ, ઉત્સુકતા અને રૂચિ ઉત્પન્ન થાય તેવું કરવું જોઈએ.

- કેટલાક પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ માટે વિદ્યાર્થીઓના નાના-નાના સમૂહ બનવવાના થશે પરંતુ અહી તે બાબત પર ખાસ ધ્યાન આપવું જોઈએ કે દરેક વિદ્યાર્થીનાં અનુભવો અલગ-અલગ હોય અને કોઈ એકસમાન એકબીજાની કૉપી ન કરે.

- **ટૂંકમાં આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિબુક દ્વારા રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 અનુસાર વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના માધ્યમે સર્જનાત્મકતા મળી રહે અને તે સાથે જૂથ ભાવના, વિચારોનું આદાન-પ્રદાન, સમસ્યા નિવારણ માટેની જાગૃતિ, સમુદાય માટે ઉપયોગિતા, લોકસંપર્ક, શીખવા માટેની પહેલવૃત્તિ, વાસ્તવિક જીવનની પરિસ્થિતિનો અનુભવ, મૌલિક સર્જન, ઉત્તરદાયિત્વ, સહભાગિતા, માહિતી માટેનું આયોજન, પ્રત્યાયન, તર્ક-કલ્પના-નવાચારનું સ્થાપન, સંદર્ભ સ્રોતનો ઉપયોગ અને જાતે શીખવા માટેની તકો પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે તેને ધ્યાને લઈ ઉપયોગ થાય તે અપેક્ષિત છે.**

બહુહેતુક બાબતોને આવરી લઈને પ્રથમવાર નિર્માણ થયેલી આ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ બુકનાં ઉપયોગ દ્વારા સંશોધનાત્મક પ્રવૃત્તિનો વિકાસ થાય તે માટે શુભેચ્છાઓ.

(મહેશ મહેતા)
સચિવ
સમગ્ર શિક્ષા, ગુજરાત રાજ્ય

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રૉજેક્ટ-પ્રવૃત્તિનું નામ | પાના નંબર |
|---|---|---|
| ૧. | મારી આસપાસની પ્રાણી સૃષ્ટિ | ૧૦ |
| ૨. | મારો પરિવાર | ૧૨ |
| ૩. | ચાલો, દુકાનમાં જઈએ | ૧૪ |
| ૪. | મારી વાર્તા | ૧૬ |
| ૫. | નાણું | ૧૮ |
| ૬. | ચાલો, વાર્તા કહીએ | ૨૦ |
| ૭. | ઉખાણાં | ૨૨ |
| ૮. | મારું ગીત | ૨૪ |
| ૯. | મને ગમતું વૃક્ષ | ૨૬ |
| ૧૦. | મારી રસોઈ | ૨૭ |
| ૧૧. | માપન | ૩૦ |
| ૧૨. | મારી વાર્તા | ૩૨ |
| ૧૩. | રસોડું | ૩૪ |
| ૧૪. | મારું પુસ્તક | ૩૬ |
| ૧૫. | મારો દિવસ | ૩૮ |
| ૧૬. | આકાર | ૪૦ |
| ૧૭. | મારું ગીત | ૪૨ |
| ૧૮. | ચાલો ઘર જોઈએ | ૪૪ |
| ૧૯. | મારું વાહન | ૪૬ |
| ૨૦. | મારાં ઘરના વાસણ | ૪૮ |

| ક્રમ | પ્રૉજેક્ટ-પ્રવૃત્તિનું નામ | પાના નંબર |
|---|---|---|
| ૨૧. | મારું પુસ્તક | ૫૦ |
| ૨૨. | અનાજ | ૫૨ |
| ૨૩. | દુકાન | ૫૪ |
| ૨૪. | મારી ગુજરાતી ભાષા | ૫૬ |
| ૨૫. | મારી વાર્તા | ૫૮ |
| ૨૬. | ચાલો, જમવાનું બનાવીએ | ૬૦ |
| ૨૭. | વાર્તાનો ખજાનો | ૬૨ |
| ૨૮. | મારી બોલી, મારી ભાષા | ૬૪ |
| ૨૯. | રમે તેની રમત | ૬૬ |
| ૩૦. | | ૬૮ |
| ૩૧. | | ૭૦ |
| ૩૨. | | ૭૨ |
| ૩૩. | | ૭૪ |
| ૩૪. | | ૭૬ |
| ૩૫. | | ૭૮ |
| ૩૬. | | ૮૦ |
| ૩૭. | | ૮૨ |
| ૩૮. | | ૮૪ |
| ૩૯. | | ૮૬ |

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિના સંભવિત સોપાનોની સમજ

**પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ નંબર : ...................................**

અહીં પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ દરમ્યાન વિદ્યાર્થીએ કરવાની બાબતોની સમજ આપવામાં આવશે. પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ દરમિયાન અને બાદમાં શું-શું કરી શકાય? પ્રૉજેક્ટની થીમનું વિષયવસ્તુ અને તેમાં કઈ-કઈ બાબતોની કાળજી લેવાની તેની પણ વાત મુકાશે. દરેક પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ સમજની વાત મુકવામાં આવશે.

- પ્રૉજેક્ટનું નામ : ______________________
- વિષય : ______________________
- કયા એકમ સાથે અનુબંધ : ______________________

  (જો પ્રૉજેક્ટ કોઈ એકમ સાથે સુસંગત હશે તો તેની વિગત હશે)
- પ્રૉજેક્ટ શરુ કર્યા તારીખ પ્રૉજેક્ટ પૂર્ણ કર્યા તારીખ અથવા દિવસો અથવા સમયગાળો :

  ______________________

  (અહીં પ્રૉજેક્ટ શરુ કર્યા તારીખ અને પ્રૉજેક્ટ પૂર્ણ કર્યા તારીખ હશે)
- પ્રૉજેક્ટ સંદર્ભ સ્રોત : (અહીં પ્રૉજેક્ટ દરમ્યાન ઉપયોગમાં લેવાયેલ સાધન-સામગ્રી, સહાયક બાબતો જેવી કે પાઠ્યપુસ્તકો, શાળા-વર્ગ પુસ્તકાલય, મોબાઈલ, વર્તમાનપત્રો, સામયિકો, ટીવી, રેડીઓની વિગત હશે)
- પ્રૉજેક્ટમાં સહભાગી વ્યક્તિઓ (અહી પ્રૉજેક્ટ દરમ્યાન શિક્ષક, મિત્રો, માતા-પિતા, સગાવ્હાલા, પડોશી, વ્યવસાયકારો, સંસ્થાના વડાઓ જેની મદદ લીધી હશે તેના નામ હશે)
- પ્રૉજેક્ટ દરમ્યાન શું-શું કર્યું?

  (અહીં પ્રૉજેક્ટ દરમ્યાન જે-જે તબક્કાવાર પ્રક્રિયા થઇ હશે તેની વિગતો હશે)
- પ્રૉજેક્ટ પૂર્ણ કર્યા બાદ શું-શું પ્રાપ્ત થયું?
- (અહીં પ્રૉજેક્ટ દરમ્યાન શું જાણવા મળ્યું? શું માહિતી મળી તેની વિગતો હશે
- માહિતીલેખન, ફોટોગ્રાફ, ડ્રૉઈંગ માટેની પણ જગ્યા આપેલ છે.

વિદ્યાર્થીની સહી : ______________ શિક્ષકની સહી : ______________

વાલીની સહી : ______________

## પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૧ - મારી આસપાસની પ્રાણી સૃષ્ટિ

તમે જે વિસ્તારમાં રહો છો ત્યાં તમારી આસપાસ જોવા મળતાં પ્રાણીઓના નામ, કદ, દેખાવ, ઉપયોગિતા વિશેની વિવિધ માહિતી એકઠી કરો. આપેલી જગ્યામાં તેના ચિત્રો મેળવી લગાવો અથવા તમને આવડે તેવાં ચિત્રો દોરી તેના વિશે માહિતી લખો.

| પ્રાણીનું નામ | ચિત્ર દોરવા/લગાવવા માટેની જગ્યા | પ્રાણી વિશે માહિતી |
|---|---|---|
| | | |
| | | |
| | | |

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

વિદ્યાર્થીની સહી : ________________ તારીખ : ________________

વાલીની સહી : ________________ શિક્ષકની સહી : ________________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૨ - મારો પરિવાર

તમે જે ઘરમાં રહો છો તેમાં તમારા માતાપિતા સાથે બીજા કુટુંબીજનો, સગાવહાલા અને સબંધીઓ રહેતા હશે અને તમારા પડોશમાં પણ એવા કેટલાક નજીકના સંબંધીઓ રહેતા હશે. જેઓ વાર-તહેવારે આવતા જતાં હશે. આ બધા કુટુંબીજનો સાથે તમારો અલગ-અલગ સબંધ હશે. અહીં આપેલ જગ્યામાં તમારા ઘરના અને અન્ય સગા સબંધીઓનાં નામ લખી તેની સામે તેમની સાથેના સંબંધ લખો.

| વ્યક્તિનું નામ | તમારી સાથેનો સબંધ | તમારા ઘરે ક્યારે આવે છે? |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

- પરિવારના આ બધા સભ્યો પૈકી તમને કયા સભ્ય વધુ ગમે છે ? કારણ આપો.

- તમારા મામાનું ગામ, તાલુકો અને જિલ્લો લખો.

- તમારા માસીનું ગામ, તાલુકો અને જિલ્લો લખો.

- તમારા પરિવારના સૌથી મોટા સભ્ય પાસેથી તમારા પુર્વજોના નામ જાણો અને લખો.

- તમારી મમ્મીના પપ્પાના પપ્પા અને તેમના પણ દાદાના નામ જાણવાનો પ્રયાસ કરો અને નોંધ કરો.

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

## પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૩ - ચાલો, દુકાનમાં જઈએ

તમારા ગામમાં કે આસપાસના હાટમાં જે જે ચીજવસ્તુઓ વેચાતી હોય તેની યાદી નંગ/ગ્રામ/કિગ્રાની કિંમત સાથે નોંધ કરો. દુકાનની બધી ચીજવસ્તુઓ કોણ ક્યાંથી લાવે છે? તમને કઈ કઈ વસ્તુ વધુ પસંદ છ ? શા માટે ? દુકાનની સામગ્રીને અલગ-અલગ પ્રકારે વર્ગીકૃત કરો, તમારા મિત્રએ પણ જે દુકાનની વિગતોની નોંધ કરી હોય તે તેની સાથે ચર્ચા કરો. જો તમારી પાસે ૧૦૦ રૂપિયા હોય તો તમે દુકાનમાંથી શું-શું ખરીદી કરશો ?

વિદ્યાર્થીની સહી : ______________________ તારીખ : ______________________

વાલીની સહી : ______________________ શિક્ષકની સહી : ______________________

## પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૪ - મારી વાર્તા

આપના ગામમાં, ઘરમાં, આજુબાજુ, પડોશમાં અને મિત્રો દ્વારા તમે બાળપણથી વાર્તાઓ સાંભળી જ હશે. આ પ્રકારની વાર્તાઓ હજી પણ માતાપિતા, દાદા-દાદીનાં મુખે કહેવાતી જ હશે. આવી સ્થાનિક વાર્તાઓ જે શાળાનાં પુસ્તકોમાં ન હોય અને સ્થાનિક બોલીમાં જે રીતે સાંભળી હોય તે આપને યાદ જ હશે. આવી તમે તમારાં ઘરમાં કે ગામમાં કહેવાતી સ્થાનિક બોલીની સાંભળેલી વાર્તા નીચેના ભાગમાં લખો.

વાર્તાનું નામ : ____________________ કોની પાસેથી સાંભળી ? ____________________

- વાર્તામાંથી શું શીખવા મળે છે?

- વાર્તાનું એક ચિત્ર દોરો.

વિદ્યાર્થીની સહી : ____________________ તારીખ : ____________________

વાલીની સહી : ____________________ શિક્ષકની સહી : ____________________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૫ - નાણું

ચલણી નાણાં (સિક્કા તેમજ નોટ)નો અભ્યાસ કરી માહિતી નોંધો. જેમ કે ચિત્ર, સાઈઝ, બનાવટનું વર્ષ, કલર તેમજ ૧, ૨, ૫, ૧૦ ના ચલણી સિક્કાની છાપ પાડો.

વિદ્યાર્થીની સહી : ______________________ તારીખ : ______________________

વાલીની સહી : ______________________ શિક્ષકની સહી : ______________________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૬ - ચાલો, વાર્તા કહીએ

આપના દાદા-દાદી કે માતાપિતા પાસેથી વાર્તા સાંભળી વર્ગખંડમાં મિત્રોને કહીએ. વર્ગખંડ માટે વાર્તાસંગ્રહ તૈયાર કરીએ. તમને પસંદ હોય તેવી વાર્તા લખો. મિત્રો સાથે વાર્તાનો અભિનય કરો.

- વાર્તાનું ચિત્ર દોરો અથવા ચોંટાડો.

વિદ્યાર્થીની સહી : ______________ તારીખ : ______________

વાલીની સહી : ______________ શિક્ષકની સહી : ______________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૭ - ઉખાણાં

તમારા દાદા-દાદી, માતા-પિતા પાસેથી અથવા ફળિયાના સભ્યો પાસેથી ઉખાણાં જાણો અને નોંધ કરો. શાળામાં પ્રાર્થનાસભા કે વર્ગખંડમાં ઉખાણાં પૂછો. વર્ગમાં ઉખાણાં અંક તૈયાર કરો.

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૮ : મારું ગીત

આપના ગામમાં, ઘરમાં, આજુબાજુ, પડોશમાં તહેવારો, શુભ પ્રસંગોએ કે અન્ય ઉજવણીઓના સમયે તમે બાળપણથી લોકગીતો સાંભળ્યા હશે. આ પ્રકારનાં લોકગીતો હજી પણ આપના માતાપિતા, દાદા-દાદી, સગાંવહાલાંના મુખે ગવાતાં જ હશે. આવા સ્થાનિક લોકગીતો જે કોઈ પુસ્તકોમાં ન હોય પરંતુ માત્ર આપના ગામમાં સ્થાનિક રીતે જ ગવાતા હશે. આવા લોકગીતો પૈકીના એક કે બે લોકગીત નીચેના ભાગમાં લખો.

લોકગીત : ______________________

• આ લોકગીતમાં શેના વિશે વાત કરવામાં આવી છે?

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૯ - મને ગમતું વૃક્ષ

તમને તમારી આસપાસના પર્યાવરણમાં નાના-મોટા વૃક્ષો, વેલાઓ કે છોડ ઉગેલા જોવા મળતા હશે. આ બધાં અલગ-અલગ જગ્યાએ, અલગ રીતે ઊગી નીકળતા જોયા હશે. તેના કદ, દેખાવ, પાન, ફૂલ, ફળ, થડ, ડાળીઓ વગેરેમાં ફેરફારો હશે. આવી વિવિધતાઓને ધ્યાને લઈ આપેલ કોષ્ટકમાં વિવિધ વૃક્ષ, છોડ કે વેલાની માહિતી લખો. તે પૈકી કોઈ પણ ચારનાં પાનની આકૃતિ આપેલી જગ્યામાં દોરો.

| વૃક્ષ, વેલો, છોડનું નામ | ક્યા જોવા મળ્યું ? | ફૂલનો રંગ | ફળ આપે છે? | ઔષધિય ઉપયોગ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ઉપરની માહિતીમાંથી કોઈપણ ચારના પાન(પર્ણ)ની આકૃતિ અહીં આપેલ જગ્યામાં દોરો.

| | |
|---|---|
| | |
| | |

વિદ્યાર્થીની સહી : ____________________ તારીખ : ____________________

વાલીની સહી : ____________________ શિક્ષકની સહી : ____________________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૧૦ - મારી રસોઈ

તમારા ઘરે રોજ અલગ-અલગ રસોઈ અને વિવિધ વાનગીઓ બનતી જ હશે. કેટલીક જમવામાં, તો કેટલીક નાસ્તામાં ઉપયોગમાં લેવાતી હશે. કેટલીક પ્રવાહી હશે, તો કેટલીક મીઠાઈ પણ હશે. આમાંથી તમારા ઘરમાં પૂરા વર્ષ દરમિયાન વિવિધ વાર-તહેવારે બનતી વાનગીઓનાં નામ અને તેની વિગત આપેલી જગ્યામાં લખો. આમાંની તમને પસંદ કોઈ એક વાનગી કઈ રીતે બને છે તેનો માત્ર ક્રમ તમારાં ઘરના સભ્યોને પૂછી લખવાનો પ્રયત્ન કરો. ઘરના બધા સભ્યો દરરોજ સાથે ભોજન લે તેવું આયોજન કરવું.

| વાનગીનું નામ | શેમાંથી બને છે? | તમારા ઘરમાં કોણ બનાવે છે? | વાનગીનો સ્વાદ કેવો લાગે છે? |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

- ઉપરના કોષ્ટકમાંથી તમને વધુ ભાવતી કોઈ એક વાનગી કઈ રીતે બને તેનો ટૂંકમાં માત્ર ક્રમ લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

- તે વાનગીનું ચિત્ર દોરો અથવા ચોંટાડો.

- તમારી પ્રિય વાનગી બને ત્યારે તમારા મિત્રને તમારા ઘરે જમવા માટે બોલાવો.

તારીખ : ____________ તારીખ : ____________

- તમારા ઘરની આસપાસ કોઈ વ્યક્તિ ભૂખ્યું રહે છે ?

______________________________________________

- તમારા ધ્યાને આવેલા ભૂખ્યા વ્યક્તિ માટે તમારા દ્વારા શું પ્રયાસ કરવામાં આવ્યો ?

______________________________________________

______________________________________________

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

# પ્રોજેક્ટ-પ્રવૃત્તિ ૧૧ - માપન

તમારી, તમારા મિત્રની અને તમારા પરિવારના સભ્યોની ઊંચાઈ કેટલી છે? તે માપી નોંધ કરો.

તમારી આસપાસની વસ્તુઓની યાદી બનાવો અને તેની અંદાજિત ઊંચાઈની નોંધ કરો, ત્યાર બાદ ખરેખર કેટલી ઊંચાઈ છે તેની નોંધ કરો. ઊંચાઈના અનુભવથી આસપાસની વસ્તુઓની પણ ઊંચાઈ અને પહોળાઈ માપો. માપણી કરેલ વસ્તુઓ શેમાંથી બનેલ છે તેની ચર્ચા કરી નોંધો. મિત્ર સાથે રમતના મેદાનની, શાળાના ઓરડાની તેમજ અન્ય વિવિધ સ્થળોની લંબાઈ અને પહોળાઈ નોંધો.

વિદ્યાર્થીની સહી : ______________________ તારીખ : ______________________

વાલીની સહી : ______________________ શિક્ષકની સહી : ______________________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૧૨ - મારી વાર્તા

આપના ગામમાં, ઘરમાં, આજુબાજુ, પડોશમાં અને મિત્રો દ્વારા તમે બાળપણથી વાર્તાઓ સાંભળી જ હશે. આ પ્રકારની વાર્તાઓ હજી પણ માતાપિતા, દાદા-દાદીનાં મુખે કહેવાતી જ હશે. આવી સ્થાનિક વાર્તાઓ જે શાળાના પુસ્તકોમાં ન હોય અને સ્થાનિક બોલીમાં જે રીતે સાંભળી હોય તે આપને યાદ જ હશે. આવી તમે તમારાં ઘરમાં કે ગામમાં કહેવાતી સ્થાનિક બોલીની સાંભળેલી વાર્તા નીચેના ભાગમાં લખો.

વાર્તાનું નામ : ________________________ કોની પાસેથી સાંભળી ? ________________________

- વાર્તામાંથી શું શીખવા મળે છે?

- વાર્તાનું એક ચિત્ર દોરો.

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

# પ્રોજેક્ટ-પ્રવૃત્તિ ૧૩ - રસોડું

તમારા ઘરમાં રસોડાની સામગ્રીની યાદી બનાવો. તે શેમાંથી બનેલ છે ? તેની નોંધ કરો.
આ સામગ્રીની લંબાઈ-પહોળાઈ માપો અને તેના આકારની નોંધ કરો.
તમારા માતા કે પિતા અથવા દાદા-દાદી પાસે બેસી રસોડામાં ચા/ખીચડી/ભોજન બનાવવાની પ્રક્રિયા જુઓ. તેની જરૂરી વિગત નોંધો.

- આ વાનગી બનાવવા માટે ઉપયોગમાં લેવાયેલ વાસણોના ચિત્રો અહીં દોરો.

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

## પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૧૪ : મારું પુસ્તક

આપના મિત્ર અને શિક્ષકની મદદ વડે શાળા અને વર્ગના પુસ્તકાલયના પુસ્તકો વાંચો. વાંચ્યા બાદ જે પુસ્તક આપને ગમ્યું હોય તેમાંના કોઈ એક પુસ્તકની નીચે મુજબની વિગતો લખો. પુસ્તક વિશે લખેલી આ માહિતી તમને મદદ કરનાર મિત્ર અને શિક્ષકને બતાવો. આપ આ પ્રૉજેક્ટ દરમ્યાન પસંદ કરેલ પુસ્તકની માહિતી વર્ગ અને શાળાનાં પ્રાર્થના સંમેલનમાં પણ રજૂ કરી શકો છો.

- પુસ્તકનું નામ : ______________________
- લેખકનું નામ : ______________________
- પુસ્તકની કિંમત : ______________________
- પુસ્તકનાં કુલ પાનાંની સંખ્યા : ______________________
- પુસ્તકમાં આપેલ કુલ પ્રકરણો : ______________________
- પુસ્તકમાં સમાવેશ પાત્રોની ટૂંકી વિગત :

______________________

______________________

______________________

______________________

______________________

- વાંચન દરમ્યાન તમને પુસ્તકની કઈ-કઈ બાબતો ગમી?

______________________

______________________

______________________

______________________

______________________

- પુસ્તકનો સાર

વિદ્યાર્થીની સહી : ____________________ તારીખ : ____________________

વાલીની સહી : ____________________ શિક્ષકની સહી : ____________________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૧૫ - મારો દિવસ

તમે સવારે કેટલા વાગે ઉઠો છો ? ત્યારથી સાંજે સુઈ જવા સુધીની દૈનિક ક્રિયાઓ નોંધો. ક્યાં કેટલો સમય જાય છે તેની નોંધ કરો. રજાના દિવસની પણ દૈનિક ક્રિયા નોંધો. તમે રજાના દિવસે ઘરે માતા પિતાને કયા કામમાં મદદ કરી તે નોંધ કરો. તમને સૌથી વધુ ગમતો દિવસ અને તેનું કારણ જણાવો.

વિદ્યાર્થીની સહી : ______ તારીખ : ______

વાલીની સહી : ______ શિક્ષકની સહી : ______

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૧૬ - આકાર

તમને જોવા મળતી વસ્તુઓ ગોળ, ચોરસ, લંબચોરસ, ત્રિકોણ, અર્ધગોળ, નળાકાર જેવા વિવિધ આકારમાં હશે, તેનું નામ અને અને તેનો આકાર નોંધો. માટીમાંથી અલગ અલગ આકારની કોઈ વસ્તુઓ તૈયાર કરી વર્ગખંડમાં પ્રદર્શિત કરો. તે વસ્તુઓના ઉપયોગ નોંધો.

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૧૭ : મારું ગીત

આપના ગામમાં, ઘરમાં, આજુબાજુ, પડોશમાં તહેવારો, શુભ પ્રસંગોએ કે અન્ય ઉજવણીઓના સમયે તમે બાળપણથી લોકગીતો સાંભળ્યા હશે. આ પ્રકારનાં લોકગીતો હજી પણ આપના માતાપિતા, દાદા-દાદી, સગાંવહાલાંના મુખે ગવાતાં જ હશે. આવા સ્થાનિક લોકગીતો જે કોઈ પુસ્તકોમાં ન હોય પરંતુ માત્ર આપના ગામમાં સ્થાનિક રીતે જ ગવાતા હશે. આવા લોકગીતો પૈકી કોઈ એક કે બે લોકગીત નીચેના ભાગમાં લખો.

લોકગીતનું નામ : ____________________

- આ લોકગીતમાં શેના વિશે વાત કરવામાં આવી છે?

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

## પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૧૮ - ચાલો, ઘર જોઈએ

દરેક પ્રાણી, પક્ષી, જીવજંતુઓ રહેવા માટે ઘર બનાવતાં હોય છે, આપણે પણ ઘર બનાવીને રહીએ છીએ. તમારી આસપાસ જોવા મળતા પ્રાણી, પક્ષી, જીવજંતુઓ ક્યાં રહે છે ? તેઓનાં ઘર જોઈએ, તેનો અભ્યાસ કરીએ અને તેના નામ તથા રહેઠાણની વિગત લખીએ. તમારું ઘર બનાવવામાં કઈ કઈ સામગ્રી વાપરવામાં આવેલ છે? ક્યારે બનાવેલ છે? માતા પિતા સાથે રહી ઘરની વિગત નોંધ કરો.

વિદ્યાર્થીની સહી : ______________ તારીખ : ______________

વાલીની સહી : ______________ શિક્ષકની સહી : ______________

## પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૧૯ - મારું વાહન

તમે તમારી આસપાસ આજે અનેકવિધ પ્રકારના વાહનો દોડતાં જોતા હશો. જમીન પર દોડતાં, આકાશમાં ઉડતાં અને પાણી પર ચાલતાં વાહનો વિશે જોયું અને સાંભળ્યું પણ હશે. આવા વાહનો ડીઝલ, પેટ્રોલ, વિવિધ ગેસ, બેટરી અને સોલારથી ચાલતા હોય તેવું પણ તમને જોવા મળશે. અહીં આપેલ જગ્યામાં તેવા ચાર વાહનોના ચિત્રો બનાવી તેના વિશેની માહિતી જાણો.

- જમીન પર ચાલતા વાહનો

- આકાશમાં ઉડતા વાહનો

- પાણીમાં ચાલતા વાહનો

- વાહનના ફોટોગ્રાફસ મેળવી અહીં ચોંટાડો.

વિદ્યાર્થીની સહી : ____________________ તારીખ : ____________________

વાલીની સહી : ____________________ શિક્ષકની સહી : ____________________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૨૦ - મારાં ઘરના વાસણ

તમારા ઘરે ખાવા માટે અને ઘરના અનેક વિવિધ કામ માટે અલગ-અલગ પ્રકારના વાસણો ઉપયોગમાં લેવાતા હશે. આ વાસણો રસોડામાં, બાથરૂમમાં, રૂમમાં, વરંડામાં, ફળિયામાં અને અન્ય જગ્યાએ તેના ઉપયોગ પ્રમાણે રાખવામાં આવતા હશે. કેટલાક વાસણો હાલમાં કે રોજ ઉપયોગમાં લેવાતા નહિ હોય તેની નોંધ કરો. આ પ્રકારના વાસણો વિવિધ ધાતુઓ કે સામગ્રીમાંથી બનતા હોય છે. તમારા ઘરમાં કેટલા વાસણો છે? તે શેમાંથી બનેલા છે? તેનો ઉપયોગ શું-શું છે? અને તે રોજ ક્યાં મૂકવામાં આવે છે? તેની વિગત આપેલાં કોષ્ટકમાં લખો. ઘરના સભ્યોને તાંબાના વાસણમાં પાણી ભરીને પીવાની ટેવ વિકસાવો.

| વાસણનું નામ | શેમાંથી બનેલું છે? | કોણ વધુ ઉપયોગ કરે છે? | ક્યાં રાખવામાં આવે છે? | રોજ ઉપયોગમાં લેવાય છે? | નાનું છે કે મોટું? |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

વિદ્યાર્થીની સહી : ______________________ તારીખ : ______________________

વાલીની સહી : ______________________ શિક્ષકની સહી : ______________________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૨૧ : મારું પુસ્તક

આપના મિત્ર અને શિક્ષકની મદદ વડે શાળા અને વર્ગના પુસ્તકાલયના પુસ્તકો વાંચો. વાંચ્યા બાદ જે પુસ્તક આપને ગમ્યું હોય તેમાના કોઈ એક પુસ્તકની નીચે મુજબની વિગતો લખો. પુસ્તક વિશે લખેલી આ માહિતી તમને મદદ કરનાર મિત્ર અને શિક્ષકને બતાવો. આપ આ પ્રૉજેક્ટ દરમ્યાન પસંદ કરેલ પુસ્તકની માહિતી વર્ગ અને શાળાના પ્રાર્થના સંમેલનમાં પણ રજૂ કરી શકો છો.

- પુસ્તકનું નામ : ______________________
- લેખકનું નામ : ______________________
- પુસ્તકની કિંમત : ______________________
- પુસ્તકનાં કુલ પાનાંની સંખ્યા : ______________________
- પુસ્તકમાં આપેલ કુલ પ્રકરણો : ______________________
- પુસ્તકમાં સમાવેશ પાત્રોની ટૂંકી વિગત :

______________________

______________________

______________________

______________________

______________________

- વાંચન દરમ્યાન તમને પુસ્તકની કઈ-કઈ બાબતો ગમી?

______________________

______________________

______________________

______________________

______________________

- પુસ્તકનો સાર

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૨૨ - અનાજ

- તમારા ઘરમાં પ્રવાહી ભરવા માટે કયા-કયા વાસણ કે વસ્તુઓ છે તેની નોંધ કરો. અનાજ ભરવા માટે શું સુવિધા છે ? તે જાણો. એક ડોલમાં કેટલા લિટર પાણી સમાય છે? માટલામાં કેટલા લિટર પાણી સમાય છે? તેની નોંધ કરો.
- તમારા ઘરમાં કોઠાર કે પીપમાં કયા-કયા અનાજ ભરવામાં આવે છે? તે અનાજનો પ્રતિ કિલો શું ભાવ છે ? તે ધ્યાને લઇ જો ૫ કિલો અનાજ લઈને દુકાને જાઓ, તો તેના બદલામાં કેટલું શાકભાજી ખરીદી શકો ? નોંધ કરો.
- અનાજ બગડે નહીં તે માટે શું કાળજી લો છો ?
- ઘરમાં માતાપિતાનું માર્ગદર્શન મેળવી ફણગાવેલા મગ તૈયાર કરો અને તે આરોગો.
- કઠોળની ખેતી કરતા કોઈ ખેડૂતની મૂલાકાત લો. તેમની પાસેથી સામાન્ય અનાજની ખેતી અને કઠોળની ખેતીમાં શું તફાવત છે તેની માહિતી મેળવો.

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૨૩ - દુકાન

ગામમાં સસ્તા અનાજની દુકાનની મુલાકાત કરવી. ત્યાં કયા-ક્યા પ્રકારની સાધન-સામગ્રી અને અનાજ મળે છે તેની નોંધ કરો. સસ્તા અનાજની દુકાનમાંથી જે સામગ્રી મળે છે તેનો ૧ લિટર દીઠ કે ૧ કિલોગ્રામ દીઠ શું ભાવે છે ? તે નોંધો.

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

# પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૨૪ - મારી ગુજરાતી ભાષા

શાળા પુસ્તકાલયમાંથી પુસ્તક મેળવી તેમાંથી એકવચન, બહુવચન અને જોડાક્ષરવાળા શબ્દોની યાદી તૈયાર કરો, તમારી આસપાસ જોવા મળતી વાંચન સામગ્રી અથવા ગામમાં કોઈ સ્થળે જોવા મળતા બોર્ડ કે માહિતી-લખાણમાં એકવચન, બહુવચન કે જોડાક્ષરવાળા શબ્દો શોધી તેની યાદી તૈયાર કરો. આ યાદીનું મિત્રો સાથે વાંચન અને શ્રુતલેખન કરો.

વિદ્યાર્થીની સહી : ______________________ તારીખ : ______________________

વાલીની સહી : ______________________ શિક્ષકની સહી : ______________________

## પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૨૫ - મારી વાર્તા

આપના ગામમાં, ઘરમાં, આજુબાજુ, પડોશમાં અને મિત્રો દ્વારા તમે બાળપણથી વાર્તાઓ સાંભળી જ હશે. આ પ્રકારની વાર્તાઓ હજી પણ માતાપિતા, દાદા-દાદીનાં મુખે કહેવાતી જ હશે. આવી સ્થાનિક વાર્તાઓ જે શાળાના પુસ્તકોમાં ન હોય અને સ્થાનિક બોલીમાં જે રીતે સાંભળી હોય તે આપને યાદ જ હશે. આવી તમે તમારાં ઘરમાં કે ગામમાં કહેવાતી સ્થાનિક બોલીની સાંભળેલી વાર્તા નીચેના ભાગમાં લખો.

વાર્તાનું નામ : ____________________ કોની પાસેથી સાંભળી ? ____________________

- વાર્તામાંથી શું શીખવા મળે છે?

- વાર્તાનું એક ચિત્ર દોરો.

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

## પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૨૬ - ચાલો, શું જમવાનું બનાવીએ

લીંબુ કે કાચી કેરીનો શરબત કે અન્ય ભોજન સામગ્રી તૈયાર કેવી રીતે થાય છે તેનું અવલોકન કરો અને તેમાં શું-શું સામગ્રી વપરાય છે તેની યાદી બનાવો. ઘરેથી કોઈ એક ભોજન સામગ્રી (જેમ કે તીખો રોટલો / વઘારેલો રોટલો / પૌવા / તીખી ભાખરી / હાંડવો / અથાણું / મેથીના થેપલા / દુધીના મુઠિયા / કચોરી / મગ મસાલા / વઘારેલા કે ફણગાવેલ મગ જેવી વિવિધ ખાદ્ય સામગ્રી) લાવી શાળામાં મિત્ર સાથે બેસી ભોજન કરો.

- ભોજનનું નામ : ____________ તારીખ : ____________
- ભોજન તૈયાર કરવામાં વપરાતાં સાધનોની યાદી :

______________________________

______________________________

______________________________

- ભોજનમાં વપરાતી સામગ્રીની યાદી :

______________________________

______________________________

______________________________

- ભોજનનું નામ : ____________ તારીખ : ____________
- ભોજન તૈયાર કરવામાં વપરાતાં સાધનોની યાદી :

______________________________

______________________________

______________________________

- ભોજનમાં વપરાતી સામગ્રીની યાદી :

______________________________

______________________________

- ભોજનનું નામ : ____________ તારીખ : ____________
- ભોજન તૈયાર કરવામાં વપરાતાં સાધનોની યાદી :

______________________________

______________________________

______________________________

- ભોજનમાં વપરાતી સામગ્રીની યાદી :

______________________________

______________________________

______________________________

- ભોજનનું નામ : ____________ તારીખ : ____________
- ભોજન તૈયાર કરવામાં વપરાતાં સાધનોની યાદી :

______________________________

______________________________

______________________________

- ભોજનમાં વપરાતી સામગ્રીની યાદી :

______________________________

______________________________

______________________________

- ભોજનનું નામ : ____________ તારીખ : ____________
- ભોજન તૈયાર કરવામાં વપરાતાં સાધનોની યાદી :

______________________________

______________________________

______________________________

- ભોજનમાં વપરાતી સામગ્રીની યાદી :

______________________________

______________________________

______________________________

- શાળામાં સમૂહ ભોજન કર્યા તારીખ : ____________
- શાળામાં સમૂહ ભોજન કર્યા તારીખ : ____________

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

## પ્રોજેક્ટ-પ્રવૃત્તિ ૨૭ - વાર્તાનો ખજાનો

ઘરે દાદા-દાદી કે માતા-પિતા પાસેથી વાર્તા સાંભળો, શાળા પુસ્તકાલયમાંથી વાર્તાનું પુસ્તક મેળવી વાર્તા વાંચો, તમને ગમતી વાર્તા વર્ગખંડમાં પ્રસ્તુત કરો અને નોંધ કરો. વાર્તા લેખન કરી વાર્તાનો ખજાનો તૈયાર કરો. વાર્તાનો અભિનય કરો. શાળાના અન્ય મોટા બાળકોનો સહકાર મેળવી વાર્તાનો એકપાત્ર અભિનય કરો. ગામના કોઈ વિશિષ્ટ વાર્તાકાર વ્યક્તિની મુલાકાત કરી વાર્તા સાંભળો અને લખો.

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

## પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ ૨૮ - મારી બોલી, મારી ભાષા

ગુજરાતી ભાષામાં જે વસ્તુનું નામ બોલવામાં આવે છે તે તમારા ગામમાં સ્થાનિક બોલીમાં શું કહેવાય છે, તેવી સામગ્રી-ખાદ્યપદાર્થ-વસ્તુ-પોષક-પ્રાણી-પક્ષી વગેરેની યાદી તૈયાર કરી વર્ગખંડમાં પ્રસ્તુત કરો. શાળા પુસ્તકાલયમાં કોઈ બોલી અંગે પુસ્તકો હોય તો તે મેળવી તેમાંથી પણ વિવિધ જાણકારી મેળવી નોંધ કરશો. તમારા ફળિયામાં રહેતા વડીલો પાસેથી પણ ગુજરાતી ભાષા અને સ્થાનિક બોલીમાં અલગ પડતાં શબ્દોની વિગતો મેળવો અને નોંધ કરો.

વિદ્યાર્થીની સહી : ________________ તારીખ : ________________

વાલીની સહી : ________________ શિક્ષકની સહી : ________________

# પ્રોજેક્ટ-પ્રવૃત્તિ ૨૯ - રમે તેની રમત

- તમે કઈ કઈ રમતો રમો છો ? યાદી બનાવો. કઈ રમત માટે કયા નિયમ છે તેની જાણકારી મેળવો. ઈનડોર અને આઉટડોર રમતોની યાદી બનાવી નિયમાનુસાર રમત રમો. રમત રમ્યા બાદના અનુભવો પ્રાર્થના સભામાં/વર્ગખંડમાં રજૂ કરો. રમતનું મેદાન તૈયાર કરો. તમારી પ્રિય રમત જણાવો.
- રમત માટેની તમારી ટીમની યાદી બનાવો.
- કોઈ બે કે ચાર રમતોના નિયમો નોંધો.
- વિવિધ રમતોના નામ અને તેના નેશનલ કે ઈન્ટરનેશનલ ખેલાડીઓના નામ મેળવીને લખો.

વિદ્યાર્થીની સહી : ______ તારીખ : ______

વાલીની સહી : ______ શિક્ષકની સહી : ______

# મારો પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કાર્ય

- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિનું નામ : ____________________
- વિષય : ____________________
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ શરુ કર્યા તારીખ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ પૂર્ણ કર્યા તારીખ અથવા દિવસો અથવા સમયગાળોઃ ____________________
- પ્રૉજેક્ટ દરમ્યાન ઉપયોગમાં લેવાયેલ સાધન-સામગ્રી : ____________________
- પ્રૉજેક્ટમાં સહભાગી વ્યક્તિઓ : ____________________
- પ્રૉજેક્ટ દરમ્યાન શું-શું કાર્ય કર્યું? ____________________

- પ્રૉજેક્ટ પૂર્ણ કર્યા બાદ શું-શું જાણવા મળ્યું? ________________

- માહિતીલેખન, ફોટોગ્રાફ્સ, ડ્રૉઈંગ માટેની ખાલી જગ્યા

વિદ્યાર્થીની સહી : ________________ તારીખ : ________________

વાલીની સહી : ________________ શિક્ષકની સહી : ________________

# મારો પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કાર્ય

- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિનું નામ : ______________________
- વિષય : ______________________
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ શરુ કર્યા તારીખ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ પૂર્ણ કર્યા તારીખ અથવા દિવસો અથવા સમયગાળોઃ ______________________
- પ્રૉજેક્ટ દરમ્યાન ઉપયોગમાં લેવાયેલ સાધન-સામગ્રી : ______________________
- પ્રૉજેક્ટમાં સહભાગી વ્યક્તિઓ : ______________________
- પ્રૉજેક્ટ દરમ્યાન શું-શું કાર્ય કર્યું? ______________________

- પ્રૉજેક્ટ પૂર્ણ કર્યા બાદ શું-શું જાણવા મળ્યું? ______________________________

- માહિતીલેખન, ફોટોગ્રાફ્સ, ડ્રૉઈંગ માટેની ખાલી જગ્યા

વિદ્યાર્થીની સહી : ____________ તારીખ : ____________

વાલીની સહી : ____________ શિક્ષકની સહી : ____________

# મારો પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કાર્ય

- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિનું નામ : ______________________
- વિષય : ______________________
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ શરુ કર્યા તારીખ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ પૂર્ણ કર્યા તારીખ અથવા દિવસો અથવા સમયગાળો: ______________________
- પ્રૉજેક્ટ દરમ્યાન ઉપયોગમાં લેવાયેલ સાધન-સામગ્રી : ______________________
- પ્રૉજેક્ટમાં સહભાગી વ્યક્તિઓ : ______________________
- પ્રૉજેક્ટ દરમ્યાન શું-શું કાર્ય કર્યું? ______________________

- પ્રોજેક્ટ પૂર્ણ કર્યા બાદ શું-શું જાણવા મળ્યું? ______________________

- માહિતીલેખન, ફોટોગ્રાફ્સ, ડ્રૉઈંગ માટેની ખાલી જગ્યા

વિદ્યાર્થીની સહી : ______________ તારીખ : ______________

વાલીની સહી : ______________ શિક્ષકની સહી : ______________

# મારો પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કાર્ય

- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિનું નામ : ____________________
- વિષય : ____________________
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ શરુ કર્યા તારીખ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ પૂર્ણ કર્યા તારીખ અથવા દિવસો અથવા સમયગાળો: ____________________
- પ્રૉજેક્ટ દરમ્યાન ઉપયોગમાં લેવાયેલ સાધન-સામગ્રી : ____________________
- પ્રૉજેક્ટમાં સહભાગી વ્યક્તિઓ : ____________________
- પ્રૉજેક્ટ દરમ્યાન શું-શું કાર્ય કર્યું? ____________________

- પ્રોજેક્ટ પૂર્ણ કર્યા બાદ શું-શું જાણવા મળ્યું? ______________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

- માહિતીલેખન, ફોટોગ્રાફ્સ, ડ્રોઈંગ માટેની ખાલી જગ્યા

વિદ્યાર્થીની સહી : ____________________ તારીખ : ____________________

વાલીની સહી : ____________________ શિક્ષકની સહી : ____________________

# મારો પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કાર્ય

- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિનું નામ : ____________________
- વિષય : ____________________
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ શરુ કર્યા તારીખ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ પૂર્ણ કર્યા તારીખ અથવા દિવસો અથવા સમયગાળો: ____________________
- પ્રૉજેક્ટ દરમ્યાન ઉપયોગમાં લેવાયેલ સાધન-સામગ્રી : ____________________
- પ્રૉજેક્ટમાં સહભાગી વ્યક્તિઓ : ____________________
- પ્રૉજેક્ટ દરમ્યાન શું-શું કાર્ય કર્યું? ____________________

- પ્રોજેક્ટ પૂર્ણ કર્યા બાદ શું-શું જાણવા મળ્યું? ______

- માહિતીલેખન, ફોટોગ્રાફ્સ, ડ્રૉઈંગ માટેની ખાલી જગ્યા

વિદ્યાર્થીની સહી : ______ તારીખ : ______

વાલીની સહી : ______ શિક્ષકની સહી : ______

# મારો પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કાર્ય

- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિનું નામ : ____________________
- વિષય : ____________________
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ શરુ કર્યા તારીખ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ પૂર્ણ કર્યા તારીખ અથવા દિવસો અથવા સમયગાળો: ____________________
- પ્રૉજેક્ટ દરમ્યાન ઉપયોગમાં લેવાયેલ સાધન-સામગ્રી : ____________________
- પ્રૉજેક્ટમાં સહભાગી વ્યક્તિઓ : ____________________
- પ્રૉજેક્ટ દરમ્યાન શું-શું કાર્ય કર્યું? ____________________

- પ્રોજેક્ટ પૂર્ણ કર્યા બાદ શું-શું જાણવા મળ્યું? ______________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

- માહિતીલેખન, ફોટોગ્રાફ્સ, ડ્રૉઈંગ માટેની ખાલી જગ્યા

વિદ્યાર્થીની સહી : ____________________ તારીખ : ____________________

વાલીની સહી : ____________________ શિક્ષકની સહી : ____________________

# મારો પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કાર્ય

- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિનું નામ : ______________________
- વિષય : ______________________
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ શરુ કર્યા તારીખ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ પૂર્ણ કર્યા તારીખ અથવા દિવસો અથવા સમયગાળો: ______________________
- પ્રૉજેક્ટ દરમ્યાન ઉપયોગમાં લેવાયેલ સાધન-સામગ્રી : ______________________
- પ્રૉજેક્ટમાં સહભાગી વ્યક્તિઓ : ______________________
- પ્રૉજેક્ટ દરમ્યાન શું-શું કાર્ય કર્યું? ______________________

- પ્રોજેક્ટ પૂર્ણ કર્યા બાદ શું-શું જાણવા મળ્યું? ______________________________

- માહિતીલેખન, ફોટોગ્રાફ્સ, ડ્રૉઈંગ માટેની ખાલી જગ્યા

વિદ્યાર્થીની સહી : ______________ તારીખ : ______________

વાલીની સહી : ______________ શિક્ષકની સહી : ______________

# મારો પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કાર્ય

- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિનું નામ : ______________________________
- વિષય : ______________________________
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ શરુ કર્યા તારીખ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ પૂર્ણ કર્યા તારીખ અથવા દિવસો અથવા સમયગાળોઃ ______________________________
- પ્રૉજેક્ટ દરમ્યાન ઉપયોગમાં લેવાયેલ સાધન-સામગ્રી : ______________________________
  ______________________________
- પ્રૉજેક્ટમાં સહભાગી વ્યક્તિઓ : ______________________________
  ______________________________
- પ્રૉજેક્ટ દરમ્યાન શું-શું કાર્ય કર્યું? ______________________________

- પ્રૉજેક્ટ પૂર્ણ કર્યા બાદ શું-શું જાણવા મળ્યું? ____________________

- માહિતીલેખન, ફોટોગ્રાફસ, ડ્રૉઈંગ માટેની ખાલી જગ્યા

વિદ્યાર્થીની સહી : ____________________ તારીખ : ____________________

વાલીની સહી : ____________________ શિક્ષકની સહી : ____________________

# મારો પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કાર્ય

- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિનું નામ : ____________________
- વિષય : ____________________
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ શરુ કર્યા તારીખ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ પૂર્ણ કર્યા તારીખ અથવા દિવસો અથવા સમયગાળોઃ ____________________
- પ્રૉજેક્ટ દરમ્યાન ઉપયોગમાં લેવાયેલ સાધન-સામગ્રી : ____________________
- પ્રૉજેક્ટમાં સહભાગી વ્યક્તિઓ : ____________________
- પ્રૉજેક્ટ દરમ્યાન શું-શું કાર્ય કર્યું? ____________________

- પ્રોજેક્ટ પૂર્ણ કર્યા બાદ શું-શું જાણવા મળ્યું? ______________________

______________________

______________________

______________________

______________________

______________________

______________________

- માહિતીલેખન, ફોટોગ્રાફ્સ, ડ્રોઈંગ માટેની ખાલી જગ્યા

વિદ્યાર્થીની સહી : ______________ તારીખ : ______________

વાલીની સહી : ______________ શિક્ષકની સહી : ______________

# મારો પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ કાર્ય

- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિનું નામ : ____________________
- વિષય : ____________________
- પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ શરુ કર્યા તારીખ પ્રૉજેક્ટ-પ્રવૃત્તિ પૂર્ણ કર્યા તારીખ અથવા દિવસો અથવા સમયગાળો: ____________________
- પ્રૉજેક્ટ દરમ્યાન ઉપયોગમાં લેવાયેલ સાધન-સામગ્રી : ____________________
- પ્રૉજેક્ટમાં સહભાગી વ્યક્તિઓ : ____________________
- પ્રૉજેક્ટ દરમ્યાન શું-શું કાર્ય કર્યું? ____________________

- પ્રોજેક્ટ પૂર્ણ કર્યા બાદ શું-શું જાણવા મળ્યું? ____________________

____________________

____________________

____________________

____________________

____________________

____________________

- માહિતીલેખન, ફોટોગ્રાફસ, ડ્રૉઈંગ માટેની ખાલી જગ્યા

વિદ્યાર્થીની સહી : ____________________ તારીખ : ____________________

વાલીની સહી : ____________________ શિક્ષકની સહી : ____________________

# નોંધ

# ઇકો કલબ અંતર્ગત શાળાકીય પ્રવૃત્તિઓ

| માસ | થીમ | ધો: ૧ થી ૫ | ધો: ૬ થી ૮ | ધો: ૯ થી ૧૨ |
|---|---|---|---|---|
| ઓગસ્ટ | વૃક્ષારોપણ ઝુંબેશ હરિયાળી મહોત્સવ ઉજવણી | • વૃક્ષારોપણ અને ઉછેર, સંવર્ધન<br>• જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ | • વૃક્ષારોપણ અને ઉછેર, સંવર્ધન<br>• જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ<br>• મારી શાળા સુંદર શાળા સ્પર્ધા | • વૃક્ષારોપણ અને ઉછેર, સંવર્ધન<br>• જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ અનેપાણી બચાવો<br>• મારી શાળા સુંદર શાળા સ્પર્ધા |
| સપ્ટેમ્બર | સ્વચ્છતા ઝુંબેશ ઉજવણી | • સ્વચ્છતા પખવાડિયા ઉજવણી, નજીકના વિસ્તારમાં જાગૃતિ માટેની રેલી | • સ્વચ્છતા પખવાડિયા ઉજવણી નજીકના વિસ્તારમાં<br>• જાગૃતિ માટેની રેલી, જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ<br>• લોકગીત સ્પર્ધા<br>• નિબંધ લેખન સ્પર્ધા | • સ્વચ્છતા પખવાડિયા ઉજવણી નજીકના વિસ્તારમાં<br>• જાગૃતિ માટેની રેલી, જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ<br>• લોકગીત સ્પર્ધા<br>• નિબંધ લેખન સ્પર્ધા |
| ઓક્ટોબર | વેસ્ટમાં થી બેસ્ટ ઝુંબેશ | • કાગળની બેગ બનાવવાની કામગીરી<br>• વેસ્ટ મટીરિયલમાંથી આર્ટ અને ક્રાફ્ટ વર્ક<br>• વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા<br>• પાણી, વીજળી અને અન્ય કુદરતી સંશાધનો બચાવોઅંગેની જાગૃતિ અભિયાન<br>• વર્લ્ડ હેન્ડવોશ ડે અંગેની જાગૃતિ અને ઉજવણી | • વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા<br>• જુદા જુદા પ્રકારની વનસ્પતિનું એકત્રીકરણ<br>• કાગળની બેગ બનાવવી<br>• વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા<br>• પ્લાસ્ટિકની ખરાબ અસરો અને પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવા અંગે સામાજિક જાગૃતિ<br>• વર્લ્ડ હેન્ડવોશ ડે અંગેની જાગૃતિ અને ઉજવણી | • જમીનનો વધુમાં વધુ ઉપયોગ કરવા અંગે પ્રેરણા સંદર્ભે કામગીરી<br>• વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા<br>• પ્લાસ્ટિકની ખરાબ અસરો અને પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવા અંગે સામાજિક જાગૃતિ<br>• વર્લ્ડ હેન્ડવોશ ડે અંગેની જાગૃતિ અને ઉજવણી |
| નવેમ્બર | રમતોત્સવ | • જુદા જુદા પ્રકારની રમતોનું આયોજન (વ્યક્તિગત અને સામૂહિક રમતો)<br>• બાલદિનની ઉજવણી<br>• ચિત્ર સ્પર્ધા | • એથ્લેટીક અને અન્ય રમતોની સ્પર્ધાનું આયોજન<br>• બાલદિનની ઉજવણી<br>• ચિત્ર સ્પર્ધા | • એથ્લેટીક અને અન્ય રમતોની સ્પર્ધાનું આયોજન<br>• બાલદિનની ઉજવણી<br>• ચિત્ર સ્પર્ધા |
| ડિસેમ્બર | વિજ્ઞાન અને ગણિત મેળો | • શાળાઓમાં વિજ્ઞાન અને ગણિત સપ્તાહની ઉજવણી | • શાળાઓમાં વિજ્ઞાન અને ગણિત સપ્તાહની ઉજવણી<br>• કોયડા સ્પર્ધા<br>• વિવિધ શૈક્ષણિક સામગ્રી/નમૂનાનું પ્રદર્શન | • શાળાઓમાં વિજ્ઞાન અને ગણિત સપ્તાહની ઉજવણી<br>• કોયડા સ્પર્ધા<br>• વિવિધ શૈક્ષણિક સામગ્રી/નમૂનાનું પ્રદર્શન |
| જાન્યુઆરી | પતંગોત્સવ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | • પતંગ બનાવવાની હરિફાઈ<br>• શાળામાં પતંગોત્સવ<br>• શાળા શુશોભન<br>• વર્ગ શુશોભન સ્પર્ધા | • પતંગ બનાવવાની હરિફાઈ<br>• શાળામાં પતંગોત્સવ<br>• શાળા શુશોભન<br>• વર્ગ શુશોભન સ્પર્ધા | • પતંગ બનાવવાની હરિફાઈ<br>• શાળામાં પતંગોત્સવ<br>• શાળા શુશોભન<br>• વર્ગ શુશોભન સ્પર્ધા |
| ફેબ્રુઆરી | પર્યાવરણ જાગૃતિ ઝુંબેશ | • પ્રેરણાદાયક વાર્તા સ્પર્ધા<br>• શિક્ષકો દ્વારા જમીન, પાણી, હવા અને અવાજના પ્રદૂષણ વિશે જાગૃત્તિ<br>• પર્યાવરણને લગતી વીડીયો અને શોર્ટ ફિલ્મ બતાવવી | • જમીન, પાણી, હવા અને અવાજના પ્રદૂષણ અંગે જાગૃતતા લાવવા માટેની ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, પોસ્ટર નિર્માણ,સૂત્રલેખન (સ્લોગન) બનાવવા<br>• પર્યાવરણ ઉપર ચર્ચા અને પરિસંવાદ<br>• પાણી, વીજળી અને બીજા કુદરતી સ્ત્રોતો બચાવવા માટે જાગૃતિના કાર્યક્રમ | • જમીન, પાણી, હવા અને અવાજના પ્રદૂષણ અંગે જાગૃતતા લાવવા માટેની ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, પોસ્ટર નિર્માણ, સૂત્રલેખન (સ્લોગન) બનાવવા<br>• પર્યાવરણ ઉપર ચર્ચા અને પરિસંવાદ પાણી, વીજળી અને બીજા કુદરતી સ્ત્રોતો બચાવવા માટે જાગૃતિના કાર્યક્રમ |

# પ્રોજેક્ટ-પ્રવૃત્તિ બુક

## ધોરણ ૩

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન


ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૭, ગાંધીનગર.

આ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગર તરફથી વિનામૂલ્યે આપવામાં આવેલ છે. (વર્ષ - 2024-25)